જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૩/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર ચાદી નં.૪૫૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૨૧૫ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૪૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી, ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર ચાદી નં.૪૫૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર ચાદી નં.૪૫૮/૨૦૨૬**

કાલુપુરઃ કાલુપુર વિસ્તારમાં રહેતી મહીલાએ તા.૩૦/૦૩/૨૦૨૬ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૧/૨૦૨૬ ના રોજ વોટસએપ ગૃપમાં સીબીલ સ્કોર ચેક કર્યા વગર અને કોઇપણ પ્રોસેસીંગ ચાર્જ વગર સરળ લોનની જાહેરાત આવેલ જે જાહેરાતમાં સંપર્ક માટે આપેલ મોબાઇલ નંબર ૯૦૦૪૧૪૨૦૯૮ ઉપર મહીલાએ લોન લેવા માટે સંપર્ક કરતા, મોબાઈલ નંબરના ધારકે જણાવેલ કે "અમે પ્રધાનમંત્રી મુદ્રા લોનનું કામ કરીએ છીએ અને તમને સીબીલ સ્કોર ચેક કર્યા વગર અને કોઇપણ પ્રોસેસીંગ ચાર્જ વગર લોન કરી આપીશું અને તમારે લોન મેળવવી હોય તો તમારા બેન્ક વિગત સાથેના દસ્તાવેજ વોટસએપ કરવાનું જણાવેલ" ત્યારબાદ મહીલાએ તેઓના મોબાઇલ નંબર પર વોટસએપમાં જરૂરી દસ્તાવેજ મોકલી આપ્યા હતા. ત્યારબાદ તેઓએ છ લાખ લોન એપ્રુવલ થયેલાનો લેટર મોકલી વિશ્વાસમાં લઈ આ લોન તમને બે દિવસમાં તમારા બેંક ખાતામાં જમા થઇ જશે તેવું જણાવેલ. ત્યારબાદ ફોન કરી જણાવેલ કે પ્રોસેસીંગ ચાર્જ વાળી ઓફર પુરી થઈ ગયેલાનું જણાવી પ્રોસેસીંગ ચાર્જ પેટે રૂપિયા ૩૦૦૦/– ભરવા પડશે તો જ લોન મળશે તેમ કહેતા મહીલાએ તેઓએ આપેલ બેંકના ખાતામાં રૂપિયા ૩૦૦૦/– ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ ફોન કરી જણાવેલ કે તમારે ખાતામાં ઓટો ડેબીટમાં કોઇ સમસ્યા આવે છે અને પેમેન્ટ થતુ નથી જેથી લોનના પૈસા ક્રેડિટ થતા નથી જેથી તમારે રૂપિયા ૭૯૨૯/– એડવાન્સ EMI પેમેન્ટ ભરવુ પડશે તમે એડવાન્સ પેમેન્ટ ભરશો તો જ લોન તમારા ખાતામાં જમા થશે. તેમ કહેતા મહીલાએ ઓનલાઈન રૂપિયા ૭૯૨૯/– ટ્રાન્સફર કરેલ ત્યારબાદ ઇન્સ્યોરન્સ ભરવાનો બાકી જણાવી ઇન્સ્યોરન્સના રૂપિયા ૬૦૦૦/– ભરાવ્યા હતા. ત્યારબાદ પણ પૈસા ખાતામાં નહી આવતા ફોન કરતા તેઓએ ફોન બંધ કરી દિધો હતો. આમ લોન કરી આપવાનું કહી કુલ રૂપિયા ૧૬,૯૨૯/– ટ્રાન્સફર કરાવી મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.આર.વાઘેલા ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ વિપુલભાઇ મનસુખભાઇ પટેલ (ઉ.વ.૫૦) (રહે. શ્રીનાથ સોસાયટી ટોરન્ટ પાવર સબ સ્ટેશન સામે નિકોલ ગામ નિકોલ) એ તા.૩૦/૦૩/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૨/૨૦૨૬ બપોરના ૦૪/૦૦ થી આજદિન સુધીના સમયગાળામાં અજાણ્યા મોબાઇલ નંબરના ધારકે વિપુલભાઇ પટેલના શેઠના મોબાઇલ નંબર ઉપર વોટ્સએપના માધ્યમથી RTO E challan.apk નામની એપીકે ફાઇલ મોકલી હતી. ત્યારબાદ શેઠના મોબાઇલ ફોનનો એકસેસ મેળવી લઈ શેઠના મોબાઇલ નંબરના વોટ્સઅપનો ઉપયોગ કરી વિપુલભાઈ પટેલના મોબાઇલ નંબર ઉપર વોટ્સએપથી ઓનલાઇન ઇન્ટરનેટના માધ્યમથી RTO E challan.apk નામની એપીકે ફાઇલ મોકલી RTO ના નામની ખોટી ઓળખ આપી મોબાઇલનો એક્સેસ મેળવી વિપુલભાઈ પટેલના મોબાઈલમાં ઇન્ટરનેટ બેકીંગના આઇ.ડી.પાસવર્ડની ચોરી કરી ઓટીપી મેળવી લઈ રૂપિયા ૫,૩૧,૦૦૦/– ઇન્ટા જમ્બો લોન તથા રૂપિયા ૪,૫૦,૦૦૦/– ઇન્સ્ટા લોન કરી વિપુલભાઈ પટેલના ખાતામાંથી ટુકડે–ટુકડે રૂપિયા ૧૦,૧૦,૦૦૦/– તથા વિપુલભાઈ પટેલના માતાના જોઇન્ટ ખાતામાંથી રૂપિયા ૬૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧૦,૭૦,૦૦૦/– ઓનલાઇન ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.વી.પટેલ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૪૫૯/૨૦૨૬**

ચાંદખેડાઃ કિજલબહેન ડો/ઓ ચંદ્રકાન્તભાઈ વ્યાસ (ઉ.વ.૪૧) (રહે. ધ ઈવાન્સ ફ્લેટ ગ્રાંડ મિરાડા હોટલ પાસે ચાંદખેડા) એ તા.૩૦/૦૩/૨૦૨૬ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૩/૨૦૨૬ સાંજના ૦૬/૦૦ થી રાતના ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાન પાછળના બાથરૂમની બારીનો કાચ તોડી અજાણી વ્યકિત ઘરમાં પ્રવેશ કરી લાકડાના કબાટના દરવાજાનું તાળું તોડી કબાટમાંથી (૧) બે ગ્રામ સોનાનો ગળાનો સેટ (ચાંદીનુ કોટિંગ કરેલ) કિમત રૂપિયા ૩,૦૦૦/– (૨) સિલ્વર સેટ કિમત રૂપિયા ૩૦૦૦/– (૩) સેમસંગ કંપનીનુ ટેબલેટ કિમત રૂપિયા ૪૦,૦૦૦/– (૪) એક એરપોડ કિમત રૂપિયા ૧૫૦૦/– (૫) સ્માર્ટ વોચ નંગ–૧ કિમત રૂપિયા ૨,૦૦૦/– (૬) બે ગ્રામ સોનાનો પાટલો (ચાંદીનુ કોટીંગ કરેલ) કિમત રૂપિયા ૧૫૦૦/– અને (૭) રોકડ રૂપિયા ૧૧,૦૦૦/– મળી કુલ રૂપિયા ૬૨,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જી.ડાભી ચલાવે છે.

વાહન ચોરીઃ– **સમાચાર ચાદી નં.૪૬૦/૨૦૨૬**

ઈસનપુરઃ રોહન પ્રજ્ઞેશભાઇ જોષી (રહે. ઉત્સવ એપાર્ટમેન્ટ જય હિંદ સોસાયટી રામબાગ મણીનગર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૩/૨૦૨૬ કલાક ૦૨/૩૫ વાગ્યાના સુમારે ઇસનપુર ટાગોર એપાર્ટમેન્ટ ઘોડાસર ગાર્ડન પાસે કેનેરા બેંક આગળ આવેલ ખુલ્લા પ્લોટમાંથી કાળા રંગની મહીન્દ્રા કંપનીની સ્કોર્પીયો ગાડી નંબર જીજે ૧૮ ઈજી ૯૯૦૦ કિમત રૂપિયા ૮,૦૦,૦૦૦/– અજાણી વ્યકિત ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.દામા ચલાવે છે.

ત્યજી દિધેલ નવજાત શિશું મળી આવવા બાબતઃ– **સમાચાર ચાદી નં.૪૬૧/૨૦૨૬**

વસ્ત્રાપુરઃ તા.૩૦/૦૩/૨૦૨૬ કલાક ૦૭/૪૦ વાગ્યા પહેલા વસ્ત્રાપુર પોલીસને સતાધાર ચાર રસ્તાથી ગુલાબ ટાવર વચ્ચે આકાશ એપાર્ટમેન્ટ સામે કચરાના ઢગલામાંથી ત્યજી દિધેલ મૃત હાલતમાં નવજાત શિશું મળી આવતા વસ્ત્રાપુર પોલીસે અજાણી વ્યકિત વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.વી.રબારી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૪૬૨/૨૦૨૬**

નરોડાઃ પારસબા વા/ઓ અનિરુધ્ધસિંહ ઝાલા (ઉ.વ.૨૭) (રહે. મનમંદિર સોસયટી વસંતવિહાર રોડ હરીદર્શન રોડ નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૩/૨૦૨૬ બપોરના ૦૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સેલ્બી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૬/૫૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.જે.પરમાર ચલાવે છે.

રામોલઃ હર્ષ સ/ઓ અરવિંદભાઇ વાળંદ (ઉ.વ.૧૮) (રહે. સંજયપાર્ક શોપિંગ સેન્ટર મહાદેવનગર ટેકરા ન્યુ આર.ટી.ઓ.રોડ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૩/૨૦૨૬ બપોરના ૪/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અશ્વિનભાઇ જગજીવનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી